# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં અત્યંત આધુનિક સુવિધાથી સજ્જ કર્તવ્ય ભવન-3નું ઉદ્ઘાટન કર્યું
2. અતિભારે વરસાદને કારણે પૂરગ્રસ્ત ઉત્તરાખંડમાં યુધ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી .. સેનાના અગિયાર જવાનો લાપતા
3. વિરોધ પક્ષોના શોરબકોરના પગલે સંસદના બંને ગૃહો બપોરના બે વાગ્યા સુધી સ્થગિત
4. ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિએ આજે રેપો રેટ 5.5% પર યથાવત રાખ્યો
5. નોંધણીના પુરાવાના કાર્ડ ધરાવતા ૧.૩ મિલિયનથી વધુ અફઘાન શરણાર્થીઓને પરત મોકલવાની પાકિસ્તાન સરકાર પહેલી સપ્ટેમ્બરથી કામગીરી શરૂ કરશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM – KARTAVYA BHAVAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર નવનિર્મિત કર્તવ્ય ભવન-૩નું ઉદ્ઘાટન કર્યું છે.કર્તવ્ય ભવન સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો એક ભાગ છે. આ ઇમારત ભવિષ્યમાં વહીવટી પ્રક્રિયાઓ અને શાસનને સુવ્યવસ્થિત કરવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવનારી કેન્દ્રીય સચિવાલયની પ્રથમ ઇમારત છે.આ પ્રસંગે, શ્રી મોદી સાંજે એક જાહેર કાર્યક્રમને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, કર્તવ્ય ભવન બનાવવાનો હેતુ વિવિધ મંત્રાલયો અને વિભાગોને એકસાથે લાવીને કાર્યક્ષમતા, નવીનતા અને સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ એક આધુનિક કાર્યાલય સંકુલ છે, જે લગભગ 1.5 લાખ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ ઇમારત આધુનિક, કાર્યક્ષમ અને નાગરિક-કેન્દ્રિત શાસન પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની એક મોટી સિદ્ધિ સાબિત થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DAY UTTRAKHAND - GANGA RIVER

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધારાલી વિસ્તારમાં ગઈકાલે ખીર ગંગા નદી પર વાદળ ફાટવાથી રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે થઇ રહી

છે. આ મુશ્કેલ સમયમાં ભારતીય સેના, NDRF, SDRF, જિલ્લા વહીવટીતંત્ર અને અન્ય એજન્સીઓ સક્રિયપણે કામગીરીમાં રોકાયેલા છે. અત્યાર સુધીમાં 130 થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. આ કાર્ય દરમિયાન આર્મીના 11 જવાનો ગુમ થયા હોવાનું સત્તાવાર જાહેર કરવામાં આવ્યું હતું.

## (બાઈટ - એનડીઆરએફ, ઉત્તરાખંડ)

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આજે અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યું અને દેહરાદૂન સ્થિત રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી પરિસ્થિતિની સમીક્ષા કરી. ITBP, SDRF, NDRF અને સ્થાનિક રહેવાસીઓ રાહત અને બચાવ પ્રયાસો હાથ ધરવા માટે સંકલનમાં કામ કરી રહ્યા હોવાનું ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ જણાવ્યું હતું.

## (બાઈટ – પુષ્કર ધામી, મુખ્યમંત્રી, ઉત્તરાખંડ)

આ દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ધામી સાથે ફોન પર વાત કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને તેમને ચાલી રહેલા રાહત કાર્યો વિશે માહિતી આપી હતી. પ્રધાનમંત્રીએ કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી આપી. મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રીનો તેમની સહાય બદલ આભાર માન્યો અને ખાતરી આપી કે તમામ અસરગ્રસ્ત વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAR-ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી પક્ષોના હોબાળાને કારણે સંસદના બંને ગૃહો બે વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવ્યાં હતા.. જોકે લોકસભામાં હોબાળાના પગલે પહેલા બાર વાગ્યા સુધી મુલતવી રખાઇ હતી પરંતુ ત્યારબાદ બાર વાગે ફરી કાર્યવાહી શરૂ થતાં કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમને મણિપુર રાજ્યની 2025-26 વર્ષ માટે અંદાજિત આવક અને ખર્ચનું નિવેદન રજૂ કર્યું. કેન્દ્રીયમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે 2023-2024 માટે કર્મયોગી ભારતના વાર્ષિક અહેવાલની નકલ પણ રજૂ કરી. પરંતુ ફરી હોબાળો શરૂ થતાં લોકસભાની કાર્યવાહી પણ બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઇ હતી.. જોકે આજે જ્યારે લોકસભા શરૂ થઇ ત્યારે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જાપાનમાં વર્શ ૧૯૪૫ના હિરોશિમા અને નાગાસાકી પરમાણુ બોમ્બ વિસ્ફોટના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે, ૮૦ વર્ષ પહેલાં, ૬ અને ૯ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ, હિરોશિમા અને નાગાસાકી શહેરો પર પરમાણુ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા, જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો ગૃહે જીવ ગુમાવનારા લોકોના માનમાં થોડીવાર મૌન પણ પાળ્યું.

**(બાઇટ- ઓમ બિરલા)**

ત્યારબાદ, અધ્યક્ષે પ્રશ્નકાળ ચલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ વિપક્ષી સભ્યોએ ખાસ સઘન સુધારા મુદ્દા પર ચર્ચાની માંગણી કરતા સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. ઘોંઘાટ ચાલુ રહેતાં, અધ્યક્ષે ગૃહને સ્થગિત કરી દીધું.

રાજ્યસભામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા. જ્યારે ગૃહ સવારે 11 વાગ્યે શરૂ થયું, ત્યારે ગૃહના ભૂતપૂર્વ સભ્ય સત્યપાલ મલિકને શ્રદ્ધાંજલિ આપવામાં આવી, જેમનું ગઈકાલે નવી દિલ્હીમાં અવસાન થયું.

ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે તેમને વિવિધ મુદ્દાઓને લગતા વિવિધ રાજકીય પક્ષો તરફથી 35 મુલતવી નોટિસ મળી હતી પરંતુ ચુકાદાને ટાંકીને નોટિસ ફગાવી દેવામાં આવી હતી. આ પછી, વિપક્ષી સભ્યોએ તેમના મુદ્દાઓ ઉઠાવીને વિરોધ શરૂ કર્યો. હોબાળા વચ્ચે, અધ્યક્ષે ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

..............

# PUNJAB-CYLINDER BLAST

પંજાબમાં, આજે સવારે મોહાલીના ઔદ્યોગિક વિસ્તારમાં ઓક્સિજન બનાવતી એકમમાં થયેલા વિસ્ફોટમાં બે લોકોના મોત થયા છે અને ત્રણ અન્ય ઘાયલ થયા છે.

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, દમનદીપ કૌરે મૃતકોની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે બંનેની ઓળખ થઈ ગઈ છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસ, ફાયર ટેન્ડર અને એમ્બ્યુલન્સ રાહત કાર્ય કરી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NAXALI ENCOUNTER

ઝારખંડના ગુમલા જિલ્લાની પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે મંગળવારે મોડી રાત્રે પીપલ્સ લિબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએલએફઆઈ) ના કમાન્ડર માર્ટિન કેરકેટ્ટાને ઠાર માર્યો હતો. કેરકેટ્ટા પર 15 લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

ગુમલા જિલ્લાના કામડારા પોલીસ સ્ટેશન વિસ્તારના પરહી જંગલના ચંગાબાડીમાં થયેલા એન્કાઉન્ટરમાં તેની પાસેથી હથિયારો પણ મળી આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RBI POLICY

ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિએ આજે રેપો રેટ 5.5% પર યથાવત રાખ્યો છે, પરિણામે, સ્ટેન્ડિંગ ડિપોઝિટ સુવિધા દર 5.25 ટકા અને માર્જિનલ સ્ટેન્ડિંગ સુવિધા બેસિસ પોઈન્ટ રેટ અને બેંક રેટ 5.75 ટકા રહેશે. આગામી તહેવારોની સિઝનના પગલે ફેબ્રુઆરીથી 100 બેસિસ પોઇન્ટના ઘટાડાને જાળવી રાખ્યો છે.

ભારતીય આયાત પર યુએસ ટેરિફ હોવા છતાં, આરબીઆઈએ નાણાકીય વર્ષ 2026 માટે જીડીપી વૃદ્ધિનો અંદાજ 6.5 ટકા રાખ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MARKET

**રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલી નાણાકિય નીતિની જાહેર બાદ પણ શેરબજારમાં ઘટાડાનું વલણ યથાવત રહ્યુ હતું... આજે સવારે શેરબજાર ઘટાડા સાથે ખુલ્યુ હતું.. રિઝર્વ બેંકે રેપોરેટ યથાવત જાળવી રાખ્યાની જાહેરાત કર્યા બાદ સેન્સેક્સ 110 અને નિફ્ટીમાં 60 પોઇન્ટના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યું હતું.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ED - DELHI, NOIDA RAID

વૈશ્વિક સાયબર છેતરપિંડી કેસ ના સંદર્ભમાં પ્રવર્તન નિર્દેશાલય –ED આજે દિલ્હી, નોઈડા, ગુડગાંવ અને દેહરાદૂન ખાતે 11 સ્થળોએ દરોડા પાડી રહ્યું છે.

નિર્દેશાલયના જણાવ્યા અનુસાર, છેતરપિંડી કરનારાઓએ પોલીસ, તપાસ અધિકારીઓ અને ટેકનિકલ સપોર્ટ સર્વિસ એજન્ટ તરીકે ઓળખ આપી હતી અને વિદેશી અને ભારતીય નાગરિકોને છેતર્યા હતા. પીડિતોને

ધરપકડની ધમકી આપવામાં આવી હતી અને તેમની પાસેથી પૈસા પડાવવામાં આવ્યા હતા જેને ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા.

તપાસમાં જાણવા મળ્યું છે કે લગભગ 260 કરોડ રૂપિયા ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા, જેને સંયુક્ત આરબ અમીરાતમાં હવાલા ઓપરેટરો અને વ્યક્તિઓ દ્વારા રોકડ માં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAK-REFUGEE DEPORTATION

પાકિસ્તાન સરકારે જાહેરાત કરી છે કે નોંધણીના પુરાવા (PoR) કાર્ડ ધરાવતા ૧.૩ મિલિયનથી વધુ અફઘાન શરણાર્થીઓને ઔપચારિક રીતે સ્વદેશ પરત મોકલવાની અને દેશનિકાલ કરવાની પ્રક્રિયા ૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, 30 જૂને PoR કાર્ડની મુદત પૂરી થઈ ગઈ હતી, જેના કારણે તેઓ ગેરકાયદેસર રહેવાસી બન્યા હતા. પ્રાંતીય અધિકારીઓને લખેલા પત્રમાં, મંત્રાલયે ગેરકાયદેસર વિદેશીઓ પરત મોકલવાની યોજના (IFRP) ની રૂપરેખા આપી. તેમાં જણાવાયું છે કે

સ્વૈચ્છિક પરત તરત જ શરૂ થઈ શકે છે, જ્યારે ઔપચારિક દેશનિકાલ આવતા મહિને શરૂ થશે.

ગિલગિટ-બાલ્ટિસ્તાન મંત્રાલય અને રાજ્ય અને સરહદી પ્રદેશ મંત્રાલયને પ્રાંતીય, વિભાગીય અને જિલ્લા સમિતિઓ સાથે PoR કાર્ડધારકોનો ડેટા શેર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .